અપીલ અરજી નં.૨૪૮, તા.૧૧–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની ની તા.૦૪–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ તા.૪–૮–૧૦ નાં રોજ વરાછાઝોનનાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી કનૈયાલાલ મોતીભાઈ મારૂ બપોરે સીમાડામાં ચાલતી આમલેટની લારીવાળા પાસેથી રૂા. ૧૨૦૦/– ની લાંચ લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા અને જેલમાં ગુન્હેગાર તરીકે રહેલ હોય જેની વિરૂધ્ધની મનપાની કાયદાકીય ખાતાકીય માહિતીની નકલ આપવા તેવી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૮/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની ની તા.૦૪–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ તા.૪–૮–૧૦ નાં રોજ વરાછાઝોનનાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી કનૈયાલાલ મોતીભાઈ મારૂ બપોરે સીમાડામાં ચાલતી આમલેટની લારીવાળા પાસેથી રૂા. ૧૨૦૦/– ની લાંચ લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા અને જેલમાં ગુન્હેગાર તરીકે રહેલ હોય જેની વિરૂધ્ધની મનપાની કાયદાકીય ખાતાકીય માહિતીની નકલ આપવા વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૭૦૦ થી આપેલ માહિતીમાં નાણાં ભરવા છતા નકલ આપેલ ન હોવાનું તથા ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીડીઓ/૩૧૩૫ ૧૧–૧૦–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૭ તા.૨૨–૧૧–૧૦ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૩૪ તા.૨૪–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪૨ તા.૫–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોન, ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૧૩ તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ, તથા પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૬૧૨ તા.૨૮–૧૦–૧૦ થી માહિતી અંગે નાણા ભરી માહિતી મેળવવા જણાવતા પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૦૦ તા.૩–૧૧–૧૦ ના પત્રની નકલ, મજકુર કર્મચારીને ફરજ મૌકુફી હેઠળનો હુકમ નં.પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૮૨ તા.૧૨–૮–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯૬૪ તા.૮–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪૨ તા.૫–૧૦–૧૦ ના પત્રની નકલ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૩૧૩૫ તા.૧૧–૧૦–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારની અરજી સબંધે મુદ્દા નં.૨ અંગેપત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૦૯ તા.૨૨–૧૦–૧૦ થી ડે.કમિ. (પીએન્ડડી) ને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૪૮૫ તા.૧૮–૧૦–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી વિષયમાં નિર્દિષ્ટ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી સુમપાને સંબોધીને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪૨ તા.૫–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોન, ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૮૫ તા.૧૮–૧૦–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને ખાતાકીય તપાસ અધિકારીને સંપૂર્ણ રીતે તબદીલ કરવામાં આવેલ. જયારે ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૦૯ તા.૨૨–૧૦–૧૦ થી મુદ્દા ન.૨ અંગે ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર મીહતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.૧ તા.૪–૮–૧૦ નાં રોજ વરાછાઝોનનાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી કનૈયાલાલ મોતીભાઈ મારૂ બપોરે સીમાડામાં ચાલતી

આમલેટની લારીવાળા પાસેથી રૂા. ૧૨૦૦/– ની લાંચ લેતા એ.સી.બી.ની ટ્રેપમાં રંગે હાથે ઝડપાઈ ગયા અને જેલમાં ગુન્હેગાર તરીકે રહેલ હોય જેની વિરૂધ્ધની મનપાની કાયદાકીય ખાતાકીય માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૬૧૨ તા.૨૮–૧૦–૧૦ થી માહિતી સંદર્ભે રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે રસીદ ન.૧૦૯૫૦૭ તા.૩૦–૧૦–૧૦ થી રૂા.૨/– ભરપાઈ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૭૦૦ તા.૩–૧૧–૧૦ થી અરજદારને મજકુર કર્મચારી કે. એમ. મારૂની ફરજ માકુફી હેઠળ ઉતારતા હુકમની નકલ પૂરી પાડવામાં આવેલ. મુદ્દા નં.૨ તા.૩૦–૯–૧૦ ના રોજ મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના જુની. ઈજનેર શ્રી એસ.એમ. પ્રજાપતિને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ ખાતાના જુની. ઈજનેર શ્રી એસ. એમ. પ્રજાપતિને ડીસી/પીએન્ડડી/૧૬૮૬ તા.૨૮–૯–૧૦ થી તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા અંગેના હુકમની નકલ મેળવવા પ્રતિ નકલ રૂા.૨/– લેખે દિન–૩ માં ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન કચેરીમાં રસીદ નં.૩૮૯૫૨૨ તા.૧૪–૧૦–૧૦ ના રોજ ભરપાઈ કરેલ.અરજદારે અપીલ તબકકે માહિતી નહીં મળ્યાનું જણાવેલ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પૂરક વિગતમાં જણાવેલ વિગત અનુસાર નાણા ભરપાઈ કર્યા અંગેની જાણ કરવામાં આવેલ ન હોવાથી અરજદારને નકલ આપવામાં આવી ન હતી. અરજદારે તા.૧૧–૧૧–૧૦ ની અપીલ અરજી સાથે બીડાણ આપેલ કાગળોમાં રૂા.૨/– ની રસીદનું બીડાણ થઈ આવેલ જેના ઉપરથી જણાયેલ કે અરજદારે નાણા ભરપાઈ કર્યા છે. જે અંગે માહિતી આપવા તા.૧–૧૨–૧૦ ના રોજ હુકમ કરેલ. જે પત્ર નં.ટીડીઓ/૩૮૬૫ તા.૧–૧૨–૧૦ ના રોજ મોકલેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ તેની નકલ અત્રે રવાના કરેલ નથી. મુદ્દા નં.૩ મનપામાં એક પછી એક ભ્રષ્ટાચારી લાંચીયા કર્મચારી લાંચ લેવામાં બે ખોફ દબંગ થઈ ગયા હોઈ પકડાયા છે તે જાહેર થયા અને ન પકડાયા તે મોજ કરેલ છે. તેથી સસ્પેન્ડ કર્મ.ઓને આપવામાં આવતા ૫૦ ટકા પગારની સગવડ નાબુદ કરવી જોઈએ અને સસ્પેન્ડ કર્મ. વિરુધ્ધ કડકમાં કડક શિક્ષા કરવાનો સમય આવી ગયો છે જેથી સા.સ. ના ઠરાવ આ બાબતમાં સામેલ કરવી શહેરી હિતમાં આવશ્યક છે.સા.સ.ઠ ની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ ની માહિતી રેકર્ડ આધારીત નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતીની ફી ભરવા છતાં માહિતીની નકલ આપેલ નથી તથા મુદ્દા નં.૩ ની ઓન રેકર્ડ માહિતી માંગેલ જ નથી તેવું જણાવી તા.૧૧–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં શહેર વિકાસ વિભાગના જુની. ઈજનેર સસ્પેન્ડની નકલ તથા નોંધ લેવામાં આવનાર કર્મચારીઓ સામે કડક શિક્ષાનું આયોજન થાય તેવી રજુઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં જુની. ઈજનેરની અપીલ અરજી સાથે ફી ભર્યાની અરજદારે જાણ કરતાં અરજદારને ટીડીઓ નં.૩૮૬૫ તા.૧–૧૨–૧૦ થી નકલ પૂરી પાડવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી મધયસ્થ મહેકમ તરફથી તા.૨૮–૧૦–૧૦ થી નિયત સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ છે તેમજ તા.૩–૧૧–૧૦ થી અરજદારને નકલ પણ પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારની મુદ્દા નં.૩ ની માહિતી એ એક સૂચન છે. અરજદારે અપીલમાં મે ઓન રેકર્ડ માહિતી માંગેલ નથી તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ જોગવાઈ અનુસાર રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે અને તેવી માહિતી રેકર્ડ આધારીત નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અને નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે આપેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જાહેર માહિતી અધિકારી ડે.કમિ. (પીએન્ડડી) કક્ષાએથી માહિતીની નકલ મોકલ્યાનું જણાવેલ છે. પરંતુ તેના આધાર કે નકલ અત્રે રજૂ થયેલ નથી જેને અનુલક્ષી અરજદારને પુનઃ એક નકલ અત્રેની જાણ હેઠળ દિન–૭ માં મોકલી આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ. (પીએન્ડડી) ને જણાવવામાં આવે છે. યોગ્ય કાર્યવાહી માટે સુચનાત્મક રજૂઆત અરજદાર સક્ષમ સત્તાને અલાયદી મોકલી આપવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),ડે.કમિ.(પીએન્ડડી) જાહેર માહિતી
...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,